દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજનામાં ફેમિલી આઈ.ડી.ના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/MSM/e-file/17/2021/0007/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૬/૨૦૨૪.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ અને મજૂર ખાતાનો તા.૦૯/૦૭/૧૯૬૫ નો ઠરાવ ક્રમાંક:ઇ.ડી.ડી.૧૨૬૪-૪૭૬,૩૨-છ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૧/૦૪/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2021/0007/CHH-1.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૪/૦૬/૨૦૨૪નો પત્ર નં.DSD/GSS/e-file/226/2024/0734/APG Branch.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના શિક્ષણ અને મજૂર ખાતાના તા.૦૯/૦૭/૧૯૬૫ના ઠરાવથી દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં છે. સામાન્ય વહીવટ વિભાગનાં (આયોજન પ્રભાગ) દ્વારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં "કુટુંબ ઓળખપત્ર" (ફેમિલી આઈ.ડી.) યોજનાના અમલીકરણ માટેના રોડમેપની ચર્ચા થયેલ. જે અંતર્ગત દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજનાના લાભાર્થીઓના અપડેશન તેમજ નવા લાભાર્થીઓની નોંધણી સમયે ચાર ઓળખના પુરાવા જેવા કે આધાર નંબર, રેશનકાર્ડ, રેશનકાર્ડ મેમ્બર આઈ.ડી. તથા ફેમિલી આઈ.ડી. ડમી ફિલ્ડ જેવી વિગતો ઉમેરવા નિયામકશ્રી(સ.સુ.) દ્વારા વંચાણે લીધા ક્રમાંક: (૩)ઉપરના તા.૧૪/૦૬/૨૦૨૪ના પત્રથી દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજનામાં “કુટુંબ ઓળખપત્ર" (ફેમિલી આઈ.ડી.) પ્રોજેક્ટ હેઠળ લાભાર્થીઓના અપડેશન તેમજ નવા લાભાર્થીઓની નોંધણી સમયે ચાર ડોક્યુમેન્ટ (૧)આધાર નંબર, (૨)રેશનકાર્ડ, (૩)રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. તથા (૦૪)ફેમિલી આઈ.ડી. ડમી ફિલ્ડ જેવા કુલ-૦૪ ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ યોજનાની અન્ય શરતો, બોલીઓ તેમજ પાત્રતાના ધોરણો વંચાણે લીધા ક્રમાંક: (૧) અને (૨) મુજબ યથાવત રહેશે. તેમજ ઉક્ત ઠરાવનો અમલ તા.૨૦/૦૬/૨૦૨૪થી શરૂ થનાર શૈક્ષણિક સત્રથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: GAMETI PRAMESH MAGANBHAI
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-Jun-2024 (03:44 PM)

( પ્રમેશ ગામેતી)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઑડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.